મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૪૭ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરમાં 'માંડવી'ના માધ્યમથી સામાજિક એકતા

## સે-૨૩માં વિવિધ સોસાયટીઓએ પોતાના આગવી નવરાત્રિના આયોજન છોડી 'ઝાઝા હાથ રળિયામણા' મુજબ સામુહિક ઉજવણીની પહેલ કરી

ગાંધીનગર, તા.૧૩

નવરાત્રિની પરંપરાગત ઉજવણીમાં શેરી ગરબા મહત્વનું સ્થાન ધરાવે છે પરંતુ શહેરમાં દરેક ચોકઠે અને દરેક સોસાયટીઓ દ્વારા પોતાની આગવી માંડવીનું સ્થાપન કરી અલગ અલગ ઉજવણી કરવાના આયોજનો વધી જતા છેલ્લા કેટલાક વર્ષોથી પ્રતિષ્ઠિત ગણાતા શેરી ગરબા પણ ઝાંખા પડવા લાગ્યા હતા. કયાંક જુથવાદ તો કયાંક આયોજકોના અહમના ટકરાવ જેવા કારણોસર સતત વિભાજિત થતી નવરાત્રિના આયોજનને કારણે મોટા ભાગના શેરી ગરબામાં લાઈટીંગની ઝાકમઝોળ વચ્ચે 'કાગડાં' ઉડતા હોય તેવી સ્થિતિ સર્જાવા લાગી હતી અને કેટલાક શેરી ગરબા તો બંધ પણ થઈ જવા પામ્યા છે. આ પરિસ્થિતિમાં સેકટર-૨૩માં વિવિધ સોસાયટીઓના આગવી શેરી ગરબાને 'એક' કરવાનો નવતર પ્રયોગ કરાયો છે. જે શકય છે કે આગામી સમયમાં શહેરના અન્ય શેરી ગરબા આયોજકોને પાર્ટી પ્લોટના વાવાઝોડા સામે ટકકર ઝીલી અસ્તિત્વ ટકાવી રાખવાની નવી દિશા ચીંધશે.

સેકટર-૨૩ સ્થિત સમગ્ર તેજસ સોસાયટી, શ્રીધર એપાર્ટમેન્ટ, આરંભ ફલેટ તથા આંગણ ફલેટસ તથા આસપાસના ભાવિક ભકતજનો દર વર્ષે પોતાની અલગ આગવી રીતે નવરાત્રીની ઉજવણી કરતા હતા. ચાલુ ચાલે સર્વે વિચારવંત માઈભકતો દ્વારા અલગ અલગ ઉજવણીને બદલે એક સાથે મળી જગત જનની જગદંબાની આરાધના ઉપાસના સાથે શકિત ભકિતના ગુણલાં ગાવા સમુહ ગરબા ગાન કરવામાં એકસુત્રતા સાથે સહુના હૈયા-મન પ્રફુલ્લિત બને 'ઝાઝા હાથ રળિયામણા'ના સુત્રને સાર્થક થાય તેવા ઉમદા હેતુથી તમામ સોસાયટીના રહીશો દ્વારા નવરાત્રીની રંગેચંગે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંયુકત આયોજિત નવલી નવરાતમાં માઈભકતો એક સાથે જગદીશ્વરી અંબાના ગુણગાન-ગરબા ગાનની રમઝટ બોલાવી રહ્યા છે. શેરી ગરબા હરીફાઈ સહિત સમુહ નવરાત્રીની ઉજવણીમાં મહિલાઓ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહી છે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સોસાયટી ફલેટસ-ખાનગી બંગલાઓના સભ્યોની બનેલી સંયુકત સમિતિની કામગીરી બિરદાવવામાં આવી રહી છે.



# 'સહિયર'ની સંગતે સરખે સરખી સખીઓનો 'સનેડો'



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં નવરાત્રિની ઉજવણીમાં શેરી ગરબા સથે પાર્ટી પ્લોટના ગરબાનું પણ એટલું જ મહત્વ છે. શહેરના સેકટર-૩-એ ખાતે વગડાવાળી માતાના મંદિર પાસેના મેદાનમાં આયોજિત થતા સહિયર દાંડિયા પાર્ટી પ્લોટના ગરબા હોવા છતાં કેટલીક વિશેષતાઓને લીધે આગવું સ્થાન ધરાવે છે. સહિયર દાંડિયા ૨૦૧૮માં નાની બાળકીઓથી માંડીને યુવતિઓ તથા મહિલાઓ નિશ્ચિંત થઈને મન મૂકીને ગરબે ઘૂમતી જોવા મળે છે.

સહયિર દાંડિયામાં આધુનિક સાઉન્ડ સીસ્ટમ સાથે દર્શકોને ખુરશીમાં બેસવાની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે અને રોશનીના ઝગમગાટ વચ્ચે ગરબા રમાડવામાં આવે છે પરંતુ આ પાર્ટી પ્લોટમાં પ્રવેશ દરેકને તદ્દન વિના મૂલ્યે આપવામાં આવે છે. સહિયરના ગરબા ગ્રાઉન્ડમાં માત્ર નાના બાળકો, યુવતિઓ તથા મહિલાઓને જ ગરબા ગાવાની અનુમતિ છે તે પણ ટ્રેડિશનલ ડ્રેસમાં. માત્ર બાળકો અને મહિલાઓ માટે ગરબા રમવાનું આયોજન હોવાથી અહીં મહિલાઓ નિર્ભયપણે, વીના સંકોચે મન મૂકીને ગરબે ઘુમે છે તથા મા-બાપ પણ પોતાની યુવાન દિકરીઓને સહિયરમાં ગરબા રમવા હોંશે હોંશ અનુમતિ આપે છે. સહિયર દાંડિયાના આયોજન માટે અશ્વિન સુહાન, શકિતસિંહ વાઘેલા, અનીરુધ્ધ ચાવડા, શૈલેન્દ્રસિંહ ગોલ, રાજેન્દ્રસિંહ ચાવડા, મિહિર પટેલ, જીતુ દરજી, મુકેશ મારુ, કિરિટ પરેરા, મગનભાઈ પરમાર, સાવન ચૌધરી સહિતના સ્વયંસેવકો દ્વારા ભારે જહેમત ઉઠાવાઈ રહી છે.

# આજથી સે-૨૨ રંગમંચ ખાતે દુર્ગોત્સવનો પ્રારંભ

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી મહોત્સવનો પ્રારંભ કરાવશે : પાંચ દિવસના ઉત્સવમાં વિવિધ સાંસ્કૃતિક-મનોરંજક અને ધાર્મિક કાર્યક્રમના આયોજન

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં સેકટર-૨૨માં રંગમંચ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ દુર્ગા પૂજા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સતત ૩૦મા વર્ષે આયોજિત આ મહોત્સવને આવતીકાલે રાત્રે ૯ કલાકે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ખુલ્લો મુકશે.

પાંચ દિવસ ચાલતા દુર્ગા પૂજા મહોત્સવનું આયોજન ગાંધીનગરના પુરબશા કલ્ચરલ એસોસિએશન દ્વારા કરવામાં આવે છે જેમાં શહેરમાં વસતા બંગાળી તથા પૂર્વોત્તર રાજયોના નાગરિકો સહિત શહેરના રહીશો ઉત્સાહપૂર્વક જોડાય છે. તા.૧૪મીથી તા.૧૯મી ઓકટોબર સુધી ચાલનારા દુર્ગાપૂજા મહોત્સવમાં દરરોજ વિવિધ પ્રકારના ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવે છે. મહિષાસુર મર્દિની મા દુર્ગાની ભવ્ય પ્રતિમાના સ્થાપન સાથે દુર્ગાપૂજામાં રવિવારે પાંચમ નિમિત્તે આનંદમેળો તથા ફુડ ફેસ્ટિવલનું આયોજન કરાયુ છે. સોમવારે મહાષષ્ઠીના દિવસે રંગમંચ ખાતે ૮ કલાકે દુર્ગોત્સવ પ્રારંભ થશે અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં કોલકાતાના નૃત્યવૃંદો તેમની કલા પ્રસ્તુતિ કરશે. મહાસપ્તમીએ મંગળવારે બંગાળી તથા હિન્દી ગીત સંગીતનો કાર્યક્રમ યોજાશે. બુધવારે મહાઅષ્ટમીએ રસપ્રદ રમતોનો કાર્યક્રમ 'દિલ તો બચ્ચા હૈજી' ઉપરાંત ગીત-સંગીતનો કાર્યક્રમ યોજાશે. ગુરુવારે મહાનવમીના દિવસે ડાન્સ પરફોર્મન્સ સંગીતમય કાર્યક્રમ ઉપરાંત રાત્રે ૧૦ કલાકે બાળકો માટે ટેલેન્ટ હન્ટ તથા સર્જનાત્મકતાનો કાર્યક્રમ યોજાશે. આ સાથે દરરોજ વિવિધ પૂજા, પુષ્પાંજલિ, ભોગ, પ્રસાદ અને સંધ્યા આરતીનું પણ આયોજન કરાયું છે.

# સે-૨૮ બગીચા પાસેથી નાસતા ફરતા આરોપીને એલસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૩




ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમના સભ્યો એએસઆઈ હજારીસિંહ ધીસાસિંહ, અ.હે.કો.ભવાનસિંહ પૃથ્વી સિંહ, અમરતભાઈ રણછોડભાઈ, અ.પો.કો. હરેન્દ્રસિંહ નટુભા ગાંધીનગર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.તે દરમિયાન સાથે રહેલા એએસઆઈ હજારી સિંહ ધીસાસિંહને મળેલી માહિતીને આધારે પ્રાપ્ત માહિતી મુજબ વેરાવળ પોલીસ સ્ટેશનમાં ઈપીકો કલમ ૩૭૬ મુજબના ગુનામાં નાસતા ફરતા આરોપી શરીફખાન ઉર્ફે પોપટ સિકંદરખાન મલેક રહે. હાલ મકાન નં.૮૬ સાંજરી પાર્ક, મુળ રહે. ખેરાલુ મલેકવાસ જી.મહેસાણાવાળાને સેકટર-૨૮ બગીચા પાસેથી પકડી પાડ્યો હતો. આ શખ્સ છેલ્લા આઠ વર્ષથી નાસતો ફરતો હતો જેને પકડી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.



## પાટનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ ગરબે ઘુમ્યા

માતાજીની ભકિત અને શકિતનું પર્વ એટલે નવરાત્રી.. શહેરમાં નવરાત્રીનો માહોલ ચોતરફ જામ્યો છે. ખૈલેયાઓ અવનવા ડ્રેસીંગ સાથે ગરબે ઘુમી નવરાત્રીની ઉજવણી કરી રહ્યા છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે ખાસ અડાલજ પાસે આવેલા શ્રેયા ફાર્મમાં એક દિવસીય નવરાત્રી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તબિબિ વિદ્યાર્થીઓ પરંપરાગત વસ્ત્રો પરિધાન કરી ગરબે ઘુમ્યા હતા. જેમાં મેડીકલ કોલજના ડીન ડો. શોભનાબેન ગુપ્તાએ તેમજ વિદ્યાર્થી અર્જવ શાહે આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. જયારે આ પ્રસંગે મેડીકલ કોલેજના ડોકટર્સ તેમજ વિદ્યાર્થીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્રામલક્ષ્મી ખાદી ગ્રામોધોગ સંસ્થાનના પ્રમુખ અને મંત્રી તરીકે બિન હરીફ

ખાદી ગ્રામોદ્યોગ આયોગ મુંબઈ પ્રમાણિત ગ્રામલક્ષ્મી ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાન અમદાવાદના પ્રમુખ તરીકે પ્રગતિશીલ ખેડુત અને નેશનલ એવોર્ડ સન્માનિત શંકરભાઈ પટેલ (ભુડાસણ) પ્રમુખ તરીકે તેમજ ગાંધીનગર જિલ્લા પત્રકાર સંઘના પ્રમુક જયદેવભાઈ નાનાલાલ બારોટ (દહેગામ) મંત્રી તરીકે સતત ચોથીવાર બિન હરીફ ચુંટાઈ આવ્યા છે.



અંતરીયાળ આદીવાસી અને પછાત વિસ્તારોમાં ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે રોજગાર પ્રદાન તરીકે સંસ્થાની ધુરા સંભાળ્યા પછી તેઓના સતત પ્રયત્નોથી સંસ્થા પ્રગતિ કરી રહેલી છે. જિલ્લાના ખાદી ગ્રામોદ્યોગ રચનાત્મક કાર્યકરો રાજકીય અને સહકારી આગેવાનોએ તેમની બિન હરીફ વરણીને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી છે.



## નીલગાયના બચ્ચાંને બચાવાયું

ગાંધીનગરના સે-૩૦ સ્થિત મુકિતધામ ખાતે અકસ્માતે અથવા અન્ય કારણોસર કટોકટીમાં સપડાયેલા મૂંગા પ્રાણીઓને બચાવી તેમની સુશ્રુષા સાથે નવજીવન બક્ષવામાં આવે છે તેમની નિયમિત સારસંભાળ લેવાય છે. ગઈ કાલે એક નીલગાયનું તાજુ જન્મેલું બચ્ચું તેની માતાથી વિખૂટું પડી જતા કૂતરાઓના હુમલાનો ભોગ બન્યું હતું. જેને ઘાયલ હાલતમાં બચાવી લઈ મુકિતધામ ખાતે તેની સારસંભાળ લેવામાં આવી રહી છે.



## શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કુલમાં તા. ૧૨-૧૦-૧૮ના રોજ નવરાત્રિના તહેવાર નિમિત્તે ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની વિદ્યાર્થીની બહેનો તથા સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા માતાજીની ભકિતભાવથી આરતી ઉતારી પ્રસાદ લઈ માતાજીના આશીર્વાદ મેળવ્યા હતા તથા શાળાની આશરે ૧૪૦૦ જેટલી વિદ્યાર્થીની બહેનોએ ટ્રેડીશનલ ડ્રેસમાં તૈયાર થઈ ગરબે ઘૂમી તહેવારની મજા માણી હતી. શાળાના આચાર્ય નીરુબેન જે. પટેલે શાળાની વિદ્યાર્થીની બહેનોને નવરાત્રિ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી.

# સુર્યમંડળની અધિષ્ઠાત્રી મા સ્કંદમાતાનું આજે પાંચમા નોરતે પૂજન


## રૂમઝૂમ કરતું શકિત પર્વ નવરાત્રી આજે મધ્યાહ્ને પહોંચ્યું : આજે પાંચમા સ્વરૂપના પૂજનથી જીવનમાં સુખ, શાંતિ અને ઈચ્છાઓ પુર્ણ થાય છે

ગાંધીનગર, તા.૧૩

મા જગદંબાના પૂજનથી વાતાવરણમાં અતિ સૂક્ષ્મ ઉર્જા ભરપૂર ઉત્પન્ન થતી હોય છે જે ઉર્જાનો વ્રત, જપ, અનુષ્ઠાન અને ઉપાસનાથી ઉપયોગ કરવામાં આવે તો માનવશરીરમાં પણ એક નવી ઉર્જાનો સંચાર થતો હોવાનું કેટલાક સાધકોએ અનુભવ્યું છે. શારદીય નવરાત્રીનું આ માતૃશકિત પર્વ રૂમઝૂમ કરતું આજે પાંચમા નોરતે મધ્યાહને પહોંચી ગયું છે ત્યારે આજે મા ભદ્રકાળીના પાંચમા સ્વરૂપ મા સ્કંદમાતાના પૂજન અને અર્ચન કરવામાં આવશે. આદ્ય શકિતના આ મમતારૂપી રૂપનું વર્ણન શાસ્ત્રોમાં છે તે મુજબ માતાજીના ખોળામાં સ્કન્દ એટલે કે કાર્તિકેય સ્વામી લઈને બિરાજમાન છે. માતાજીનું આ રૂપ જીવનમાં સુખ, શાંતિ, સ્નેહ, ઈચ્છાપૂર્તિ અને સંવેદનાનું પ્રતિક છે. આમ નવ દિવસ માતાજીના વિવિધનામો અને કુળદેવી તરીકે જેમાં દુર્ગા, ભદ્રકાલી, અંબા, અન્નપુર્ણા, સર્વમંગલા, ભૈરવી, ચામુંડા, બ્રહ્માણી અને ભવાની તરીકે પૂજાઈ રહ્યા છે.

ભગવાન સ્કંદ (કાર્તિકેય) પ્રસિધ્ધ દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા અને ભગવાન સ્કંદની માતા હોવાથી દુર્ગાના આ રૂપને સ્કંદ માતા તરીકે પૂજવામાં આવે છે. સ્કંદ માતાની પૂજાથી તમામ મનોરથ પૂર્ણ થાય છે અને સાધકનું મન 'વિશુધ્ધ' ચક્રમાં અવસ્થિત હોય છે જેનાથી સાધકને શાંતિ અને સુખનો અનુભવ થાય છે. તેમજ માતાજીની ઉપાસનાથી બાલરૂપ સ્કંદ ભગવાનની પણ આપોઆપ ઉપાસના થતી હોય છે. સુર્યમંડળની અધિષ્ઠાત્રી દેવી હોવાથી આ માતાજીની પૂજા કરવાવાળા સાધકો અલૌકિક તેજ અને કાંતિથી સંપન્ન બને છે. ચાર ભૂજાધારી સ્કંદમાતા કમળના આસન ઉપર પદમાસનની મુદ્રામાં બિરાજમાન હોય છે અને સિંહ અને મયુર માતાજીના વાહન છે. પાંચમા નોરતે માતાજીને કેળાનો પ્રસાદ ધરાવવાથી જીવનમાં સુખ-સમદ્ધિમાં વધારો થાય છે.

નવરાત્રી પર્વ હવે જયારે મધ્યાહને પહોંચી ગયું છે ત્યારે આઠમના હવન અને નોમના નૈવેધ અંગેની પણ તૈયારીઓ આરંભાઈ ચુકી છે.



## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા પાંચમા નોરતે ગોલ્ડન ચીયર્સ ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં અલ્પેશ દદુ અને દક્ષા પ્રજાપતિ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા સૂર્યકાંત શ્રીમાળી દ્વારા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવાશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે પ્રથમ ઓરકેસ્ટ્રા દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં મુકેશ યોગીરાજ કંચન સાધુ ગૃપ દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ પાંચમના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન પારુલબેન પી. પરમાર, પ્લોટ નં. ૩૫૫/૧, સે-૩-બી ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા શહેરના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બાળકો દ્વારા સ્વ હસ્તે બનાવેલ નવરાત્રી ગબ્બરની મુલાકાત લઈ બાળકોને પુરસ્કૃત કરવામાં આવશે.

● રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત સાંજે ૪.૪૫ કલાકે વિવિધ કાર્યક્રમ સે-૩-ડી નવરાત્રી ચોકની સામે મેદાન, રીંગરોડ ખાતે કાર્યક્રમ યોજાશે.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ફરતા ગરબા હરિફાઈ યોજાઈ

ગાંધીનગર, તા.૧૩

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા સે-૧૬ બ્રહ્મભવન ખાતે પરંપરાગત ફરતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વય જુથ પ્રમાણે ફરતા ગરબાની હરિફાઈ યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં નગરની બહેનોએ ભાગ લીધો હતો. વિજેતા બહેનોને ઈનામ આપીને પ્રોત્સાહીત કરવામાં આવી હતી. પ્રોગ્રામમાં નગરની અગ્રગણ્ય મહિલા સંસ્થાના પ્રમુખશ્રીઓ, કોર્પોરેટર બહેનો અને મહિલા અગ્રણીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને શોભાવ્યો હતો.

## આજે જ-૨ વસાહત સે-૩૦ ખાતે ૧૨૫ દિવડાની મહાઆરતી યોજાશે

ગાંધીનગર, તા.૧૩

નવરાત્રી મહોત્સવ સેકટર-૩૦ સર્કલ પાસે કેટેગરી-૨ ખાતે દર વર્ષની જેમ નવરાત્રી મહોત્સવ કાર્યક્રમ યોજાય છે. જયારે આ વર્ષે તા. ૧૪ ઓકટોબરને રવિવારના રોજ રાત્રે ૯ કલાકે ૧૨૫ દિવડાની મહાઆરતી યોજાશે. જેથી ગાંધીનગરના સર્વે ભાઈ બહેનોને કેટેગરી-૨ આરટીઓ પાસે સે-૩૦ ગાંધીનગર ખાતે પધારવા વસાહતી ભાઈ બહેનો તેમજ કમાન્ડો પરિવાર તરફથી જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા અનુજી પિથુજી, ઉ.વ. ૭૦
- સ્વ. વાઘેલા દિનેશકુમાર અમૃતલાલ, ઉ.વ. ૫૧